# ભારતીય જનતા પાર્ટી
## ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્

પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)

Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org


પ્રેસનોટ:-02 તા.14-04-2021

## પ્રદેશ ભાજપ અનુ.જાતિ મોરચા દ્વારા ડૉ. બાબાસાહેબ આંબેડકરને પુષ્પાંજલિ અર્પણ કરી 130મી જન્મ જયંતિની ઉજવણી કરી

## અનુ.જાતિ મોરચાના નવનિયુક્ત પ્રમુખ ડૉ.પ્રધ્યુમન વાજાએ 14મી એપ્રિલના દિવસે શુભ મુહર્તમાં શ્રી ભીખુભાઈ દલસાણીયા અને રજની પટેલની ઉપસ્થિતિમાં પદગ્રહણ કર્યા.

ગુજરાત પ્રદેશ મીડિયા વિભાગ અખબારી યાદીમાં જણાવે છે કે, 14મી એપ્રિલ ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની 130મી જન્મ જયંતિ નિમિત્તે પ્રદેશ ભાજપ અનુ.જાતિ મોરચાના પ્રમુખ ડૉ.પ્રધ્યુમન વાજાની આગેવાની હેઠળ જુદા જુદા કાર્યક્રમો થયા, જેમાં સવારે ગાંધીનગર સ્થિત ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમાને પુષ્પાંજલી અર્પણ કરી ઉપસ્થિત કાર્યકર્તાઓએ જય ભીમના નાદ સાથે જન્મ જયંતીની ઉજવણી કરી હતી. જેમાં પૂર્વ મંત્રીશ્રી રમણલાલ વોરા, આત્મારામભાઈ પરમાર, પુનમભાઈ મકવાણા, અશ્વિન બેન્કર, પ્રવીણ પંડ્યા સહિતના કાર્યકર્તાઓ જોડાયા હતા.

ત્યારબાદ પ્રદેશ ભાજપ સંગઠન મહામંત્રીશ્રી ભીખુભાઈ દલસાણીયા અને મહામંત્રીશ્રી રજનીભાઈ પટેલની ઉપસ્થિતિમાં વિજય મુહર્તમાં નવનિયુક્ત પ્રદેશ ભાજપ અનુ.જાતિ મોરચાના પ્રમુખ ડૉ. પ્રધ્યુમન વાજાએ પદ ગ્રહણ કરી પોતાના નવી જવાબદારીની શરૂઆત કરી હતી. આ સમયે પ્રદેશ ભાજપ મોરચાના આગેવાનો ગૌતમ ગેડીયા, વિક્રમભાઈ ચૌહાણ, રાજુભાઇ અઘેરા, શૈલેષ પરમાર, હિતેશ મકવાણા દિનેશ રોહિત, સતિશ સોલંકી, સંજય લેઉવા સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા અને નવનિયુક્ત પ્રમુખશ્રીને શુભેચ્છા અને અભિનંદન પાઠવ્યા હતા.

ડૉ યજ્ઞેશ દવે
(પ્રદેશ મીડિયા કન્વીનર)